**Received on - 04-10-2014**

**Registered on - 04-10-2014**

**Decided on - 08-04-2020**

**Duration - Yr. Mo. Ds.**

**06- 06-04**

**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ.હળવદ**

| | |
|---|---|
| **રે.દિ.કે.નં.** | **૩૧/૨૦૧૪** |
| **આંક** | |

પટેલ જેરામભાઈ રવજીભાઈના વારસદાર તરીકે:–

રામજીભાઈ જેરામભાઈ પટેલ

ઉ.વ.આ.૫૫, ઘંધો:ખેતીવાડી,

રહે.ઈશ્વરનગર,તા.હળવદ,જી.મોરબી. ......................વાદી

વિરુધ્ધ

રામજીભાઈ પુનાભાઈ દલવાડી

ઉ.વ. પુખ્ત, ધંધો: ખેતીવાડી,

રહે. સુસવાવ, તા.હળવદ, જી.મોરબી. .................. પ્રતિવાદી

| | |
|---|---|
| **બાબત** | **<u>દાવો રૂા. ૩૦૦/–ના આંકથી વિજ્ઞાપન તથા કાયમી મનાઈ હુકમનો</u>** |

| | |
|---|---|
| **વાદી તર્ફે વિ.વ.શ્રી વી.એચ.ભટ્ટ** |
| **પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી** |

**<u>–:: જ જ મે ન્ટ ::–</u>**

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી ઉપર જણાવેલ સરનામે જન્મથી રહે છે અને ખેતીવાડીનો ધંધો કરીને કુંટુંબનું ભરણપોષણ કરે છે. તેમજ વાદીનો પેઢી અંબો નીચે મુજબ છે.

રવજીભાઈ જશમતભાઈ પટેલદેવસીભાઈ નાનજીભાઈ સંઘાભાઈ રણછોડભાઈ ધનજીભાઈ જેરામભાઈ(ગુજરી) (ગુજરી) (સધજી)ગુજરી ગોરધનભાઈ દેવકરણભાઈ ઓધવજીભાઈ શૈલેષભાઈ રામજીભાઈ રમેશભાઈ ઝવેરભાઈ નારાયણભાઈ નરેશભાઈ તેમજ ગુજરનાર રવજીભાઈ જશમતભાઈ પટેલની ઈશ્વરનગર ગામ તથા સુસવાવ ગામ તથા અન્ય ગામની જે જમીનો વાદી વડવાએ ખરીદ કરતા હતા તે તમામ જમીનનો જે તે વખતે વહીવટ વાદીના દાદ ધનજીભાઈ કરતા હતા. વાદીના દાદા સંઘાભાઈએ જે તે વખતે એટલે કે તા.૧૪/૫/૬૩ના રોજ રજી. દ.અનુ.નં. ૩૬૫ થી ખેતર બે કે જે જુના નામે સુસવાવના ઘાવાથી ઓળખાતું રેવન્યુ રેકર્ડમાં ઓળખાતું હતું અને જે જમીન હાલ ચરાડવાના ઘાવાથી રેવન્યુ રેકર્ડમાં ઓળખાય છે. તે ૨૮ વિઘા જમીન કે જે હાલ નવા માપે રેવન્યુ રેકર્ડમાં ઓળખાય છે. તે ૨૮ વિઘા જમીન કે જે હાલ નવા માપે રેવન્યુ રેકર્ડમાં

હે.૨–૦૮–૪૨ ચો.મી. ચાલે છે અને વાદીના દાદાએ ઉપરોકત દસ્તાવેજ થી કુલ બે ખેતર લીધેલા જેમાં ઉપરોકત ખેતર ૨૮ વિઘાનું છે. જયારે બીજુ ખેતર આશરે ૧૨ વિઘાનું છે અને એ રીતે કુલ ૪૦ વિઘા જમીન વાદીના દાદાએ તા.૧૪/૫/૬૩ના રોજ રજી. દસ્તાવેજથી ખરીદ કરેલ છે ત્યારથી ઉતરોતર કાયદેસરનો કબજો ભોગવટો અને માલીકી વાદીની છે. તેમજ વાદીના વડવાએ આ ખેતર ખરીદ કર્યા બાદ ગુજરનાર રવજીભાઈ જશમતભાઈ પટેલનાએ મૌખિક આશરે પાંચ વર્ષ પહેલા વડીલોપાર્જીત ખેતીવાડીની જમીનોની ઘરમેળે વહેંચણ થતા સદરહુ દસ્તાવેજમાં જણાવેલ ૨૮ વિઘા વાળી "ચરાડવાના ધાવાનું" જમીન વાદીના મર્હુમ પિતા જેરામભાઈ રવજીભાઈ પટેલના ભાગમાં આવેલ અને ત્યારબાદ વાદીના ભાઈઓ વચ્ચે પણ મૌખિક ઘરમેળે વહેંચણ થતા આ ખેતર વાદીના ભાગમાં આવેલ છે જયારે આજ દસ્તાવેજ માહેનું ૧૨ વિઘા ખેતર કે જે ગુજરનાર પટેલ રવજીભાઈ જશમતભાઈના વારસદારો વચ્ચે

વહેંચણ થતા તે ખેતર રણછોડભાઈના ભાગમાં આવેલ છે અને રણછોડભાઈના ચારેય દીકરાઓ વચ્ચે ઘરમેળે મહેંચણ થતા સદરહુ ૧૨ વિઘાની જમીન કે જે રજી. દસ્તાવેજ નં.૩૬૫માં દર્શાવેલ છે તે શૈલેષભાઈ રણછોડભાઈ પટેલના ભાગમાં આવેલ છે અને એ રીતે અમો બંનેની જમીનો હળવદ તાલુકાના સુસવાવ ગામની સીમમાં આવેલ છે. તેમજ હળવદ ગામની સીમમાં આવેલ ૨૮ વિઘાની પિયત જમીન કે જે વાદીના દાદાએ તા.૧૪/૫/૬૩ના રજો રજી.દ.અનુ.નં. ૩૬૫થી ખરીદ કેરલ છે. જે જમીનમાં દર વર્ષે વાદી વાવેતાર કરીને ઉપજ નીપજ લે છે અને હાલ આ જમીનમાં કપાસનું વાવેતર છે અને સદરહુ જમીન વાદીના વડવાએ રજી.દસ્તાવેજ નં.૩૬૫ થી ખરીદ કરેલ ત્યારે માપણી થયેલ હતી. પરંતુ ખેતરના સર્વે નં. અપાયેલ ન હતા. જેથી સદરહુ ખેતર નામથી અને વિઘાથી માપમાં ઓળખાતા હતા જેથી આ વાદીની વાડી જે તે વખતે સુસવાવના ઘાવા તરીકે ઓળખાતી હતી અને હાલ ચરાડવાના ઘાવા તરીકે ઓળખાય છે

અને જે ઉપર જણાવેલ માપે રેવન્યુ રેકર્ડમાં ખોટીરીતે પ્રતિવાદીના ખાતે નોંધ નં.૬૬૭૩ થી દાખલ થયેલ છે. જે જમીનની ચતુ:દિશા નીચે મુજબ છે.

**ચર્તુ:દીશા:–**

પૂર્વ તરફ :– સંઘા રવજીની પિયત વાડી આવેલ છે.

પશ્ચિમ તરફ :– રેવા ગગજીની વાડી આવેલ છે.

ઉતર તરફ :– મોરાર ડોસાની વાડી આવેલ છે.

દક્ષિણ તરફ :– મારગ આવેલ છે.

તેવી જ રીતે વાડી વડવા સંઘાભાઈ રવજીભાઈ પટેલે ઉપરોકત દસ્તાવેજથી જે ૧૨ વિઘા જમીન ખરીદ કરેલ છે તે પણ તા.૧૪/૫/૬૩ થી જે તે વખતે સંઘાભાઈ રવજીભાઈ પટેલના કબજામાં અને માલીકીની હતી અને ત્યારબાદ ભઈયુ ભાગમાં વહેંચણ થતા આ જમીન વાદીના દાદા રણછોડભાઈ રવજીભાઈ

પટેલના ભાગમાં આવેલી અને હાલ ૧૨ વિઘા જમીન તેઓના દિકરા શૈલેષભાઈના ભાગમાં આવેલ છે અને જે જમીનની ચતુ:દિશા નીચે મુજબ છે.

**ચર્તુ:દીશા:–**

પૂર્વ તરફ :– શીવા વશરામની જમીન આવેલ છે.

પશ્ચિમ તરફ :– જેરામ ગંગારામની જમીન આવેલ છે.

ઉતર તરફ :– વના ગોવિંદની જમીન આવેલ છે.

દક્ષિણ તરફ :– મારગ આવેલ છે.

આ ઉપરોકત જણાવેલ જમીન એક જ દસ્તાવેજ થી વાદી વડવા (ભઈજી) સંઘાભાઈ રવજીભાઈએ પ્રતિવાદીના પિતા તથા અન્ય પાસેથી ખરીદ કરેલ હતી અને જે હાલ વાદી કબજા ભોગવટામાં છે. તેમજ વાદીના ભઈજી રણછોડભાઈના દીકરા શૈલેષભાઈ કે જે ઉપરોકત દસ્તાવેજ ની ૧૨ વિઘા જમીનના

પ્રત્યક્ષ કબજા ભોગવટામાં છે તે અને તેઓની પશ્ચિમે સંઘા રવજીના નામની આવેલ જમીન કે જે ૧૨ વિઘા વાદીના કબજા ભોગવટામાં છે અને આ બંન્ને સર્વે નં.માં બે બોર આવેલ છે અને આ બંન્ને બોર વચ્ચે ૬૦ એચ.પી.નું વીજ કનેકશન કે જે મુળ સ.નં.૫૨૪ માંથી વાદી વડવા પટેલ સંઘજી રવજી (સંઘા રવજી)એ શીફટીંગ કરાવીને ઉપરોકત બોર ઉપર મુકેલ છે અને જે વીજ કનેકશન કેશવજી સંઘજી અને મંજુલાબેન સંઘજી બંને ભાઈ બહેનના નામેથી ટ્રાન્સફર કરાવીને આ વીજ કનેકશન ઉપરોકત જમીનમાં મુકવામાં આવેલ અને આ જમીનનો કબજો ભોગવટો વાદી પાસે છે અને આ ૧૨ વિઘાનું જમીનથી પુર્વ તરફ બોરવાળું ખેતર શૈલેષભાઈનું કે જે ૧૨ વિઘા વાદીના દાદાએ રજી.દસ્તાવેજ નં.૩૬૫ થી ખરીદ કરેલ છે.

તેમજ આ કામે પ્રતિવાદીએ રેવન્યુ રેકર્ડમાં ખોટી નોંધો ઉભી કરી આ જમીન રૂા.૬૪૫/–માં પ્રતિવાદીના પિતા દલવાડી પુના નાનજીએ તા. ૧૮/૫/૫૯ના રોજ રજી. દસ્તાવેજથી ખરીદ કરે

હતી અને જેની રેવન્યુ રેકર્ડમાં નોંધ નં.૧૪૬ પાડવામાં આવેલ હતી અને જે નોંધ તા.૧૯/૨/૬૦ના રોજ હળવદ મામલતદારે પ્રમાણિત કરેલ હતી. ત્યારબાદ આ જમીન દલવાડી પુનાભાઈ નાનજીભાઈ તા.૩૦/૩/૯૭ ના રોજ ગુજરી જતા તેઓના વારસદારોની તા.૧૦/૪/૯૭ના રોજ પ્રતિવાદીએ વારસદારોના નામ દર્શાવ્યા વિના ખોટી વારસાઈ નોંધ નં.૩૧૩૯ પડાવેલ હતી અને જે નોંધ રેવન્યુ અધિકારીશ્રીએ ખોટી રીતે વેરીફાઈ કર્યા વિના પ્રમાણિત કરેલ હતી. ત્યારબાદ નોંધ નં.૩૧૩૯માં વારસદારોના નામ રેકર્ડ ઉપર આવેલ ન હોવા છતાં તે નોંધ પ્રમાણિત થઈ ગયા બાદ આ જમીનની ત્રીજી નોંધ ૫૮૪૦ પાડવામાં આવેલ હતી અને જે તા.૭/૩/૨૦૦૮ના રોજ સંયુકત ખાતામાંથી ક્રમ નં.૧,૨,૩,૪,૭ના અનુ. નં.૧ તથા ૪ના અવસાન થતા પોતાનો હકક ઉઠાવી લે છે તેવી નોટી નોંધ રેવન્યુ અધિકારી સાથે કોલ્યુઝન કરીને પાડીને પ્રમાણિત કરેલ હતી. ત્યારબાદ આ જમીન અંગે નોંધ નં.૬૧૫૨ પણ

કોમ્પ્યુટરની ક્ષતિ અંગેની પાડેલ હતી અને ત્યારબાદ પ્રતિવાદીએ ગુજરનાર પુનાભાઈ દલવાડીના તમામ વારસદારો રેકર્ડ ઉપર આવેલ ન હવા છતાં તેઓએ ખોટી રીતે નોંધ નં.૬૬૭૩ પાડીને પ્રમાણિત કરાવેલ છે અને તે મુજબ તેઓએ આ જમીન માહેથી લાલજીભાઈ પુનાભાઈ દલવાડીનો હકક ઉઠાવી લેવાની પડાવેલ છે અને તે રીતે રેવન્યુ રેકર્ડ જોવામાં આવે તો પ્રતિવાદીએ નોંધ નં.૩૧૩૯, ૫૮૪૦, ૬૧૫૨, ૬૬૭૩ની ચારેય નોંધો ખોટી રીતે પાડીને પ્રમાણિત કરાવેલ છે અને જેના આધારે હાલ આ જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો અને માલીકી વાદી પાસે અમારા વડવાના વખતથી એટલે કે તા.૧૪/૫/૬૩ થી હોવા છતાં જે તે વખતે આજ મીનના સર્વે નં. અપાયેલ નહિ અને અમારા વડવા અભણ હોય અને ખેડુત કક્ષાના સામાન્ય માણસ હોય તેના કારણે આ જમીનની પ્રતિવાદીએ ખોટીરીતે નોંધો પડાવીને જે જમીનની માલીકી અને કબજો તેઓનો છે નહિ અને જે જમની તેઓના વડવાએ વેચાણ

આપી દીધેલ હોઈ ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ–૮ હેઠળ તેઓ આ જમીનના દાવા અરજીમાં જણાવેલ માપ, વર્ણન અને ચતુ:દિશાવાળી કુલ ૪૦ વિઘા જમીનના કબજા ભોગવટામાં ન હોવા છતાં તેઓ હાલ જે ૨૮ વિઘા વાદી કબજામાં દાવા અરજીમાં જણાવેલ છે તે જમીનમાં રેવન્યુ રેકર્ડનો ગેરલાભ ઉઠાવીને ખોટી રીતે આ જમીન વેચાણ કરવાનો અને ટ્રાન્સફર કરવાનો પ્રયત્ન કરી રહેલ છે અને જે અંગે વાદીએ આ જમીનનું રેવન્યુ રેકર્ડ તા.૧/૧૦/૧૪ના રજો કઢાવતા અને આ અંગે મુળ દસ્તાવેજની ખરી નકલ પણ તા.૧/૧૦/૧૪ના રજો સબ રજી. કચેરી ધ્રાંગધ્રામાંથી કઢાવતા વાદીને જાણવા મળેલ કે આ કામના પ્રતિવાદી ખોટીરીતે ખોટી નોંધો અને ખોટી એન્ટ્રીઓના આધારે નોંધ નં.૬૬૭૩ તેઓએ પોતાના ખાતે ખોટીરીતે ચડાવીને ખોટી રીતે બેંકમાંથી લોન ઉપાડીને અમારા કબજા ભોગવટામાં દખલગીરી કરવા અને રેવન્યુ રેકર્ડના આધારે આ જમીન ટ્રાન્સફર કરવા માટેનો પ્રયત્ન કરતા હોય વાદીના

લાભમાં અને પ્રતિવાદીની વિરુધ્ધમાં કાયમી મનાઈ હુકમ આપવા તેમજ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી તથા અન્ય હર કોઈ દાદ આપવા અરજ ગુજારેલ છે.

(૨) પ્રતિવાદીને દાવાનો સમંસ બજતા, પ્રતિવાદી વિ.વ.શ્રી મારફત હાજર થઈ, આંક–૧૬ થી વાદીની દાવા તથા મનાઈ અરજીનો સંયુકત જવાબ રજુ કરેલ છે. તેમાં તેઓ જણાવે છે કે, પ્રતિવાદીના મર્હુમ વડીલને ગામ સુસવાવમાં તથા અન્ય જગ્યાએ ખેતીની વડીલો પાર્જીત જમીનો હતી અને અમો પ્રતિવાદીના મર્હુમ વડીલને ગામ સુસવાવની સને ૧૯૫૯માં રે.સ.નં. ૬૭૩ તથા ચેક ચાક કરી રે.સ.નં. ૪૯૬ લખાયેલ છે તે જમીનો વેચાણ લીધેલ અને તે સમયે તેનું માપ નોંધ પડેલ છે તેમાં જણાવાયેલ નથી આમ, સદર જમીન જે તે સમયે પણ રેવન્યુ સર્વે નં. આપવામાં આવેલ તેમ છતા વાદી તર્ફે રે.સ.નં. હતો નહી તેવી ખોટી હકીકત જણાવે છે. તેમજ કહેવાતો દસ્તાવેજ જોતાં તેમાં વેચાણ આપનાર તરીકે પ્રતિવાદીના વડીલ

નાનજી પુના, મોહન મગન, જેમુ વાલા, દલુ દાનસંગ, ટપુ ડુંગર, નરશીભાઈ, ઘાંચી ઓઘડ ડુંગર સાતેક જણાના નામ આવે છે અને સદર જમીન સુસવાવના ઘાવા તરીકે ઓળખાતી હોવાનું જણાવાયેલ છે. જેથી ગામડા ગામમાં જમીનો વરસો વરસ એક જ નામે ઓળખાય છે. જેથી તેનું નામ બદલાઈ ગયેલાની હકીકત માની શકાય નહી તેમજ આ રીતે જોતાં વાદીને પોતાના દસ્તાવેજની જમીન મળતી ના હોઈ આવી ખોટી હકીકત જણાવે છે. તેમજ બીજી રીતે જોતાં તેમના દાવાને પક્ષકારોનો પણ બાધ આવે છે. તેમજ સદર જમીન બે ભાગ છે તેમ વાદીનું જ કથન છે. જેથી કઈ જમીન કોણે અને કેટલી વેચાણ આપેલ તે પણ કહેવાતા દસ્તાવેજમાં જણાવાયેલ નથી ફક્ત ૨૮ વીઘા જ જણાવાયેલ છે. જેથી રે.સ.નં. ૪૯૬ પૈકી ૧ વાળી જમીન આખી વેચાણ અપાયેલ છે તે હકીકત પણ ખોટી છે. તેમજ વાદીએ સદર હકીકતને છુપાવેલ છે. તેમજ રે.સ.નં. સને ૧૯૫૯માં અપાયેલ છે તે રજુ નોંધ થી જણાય છે. તેમ છતાં વાદી જે તે

સમયે રેવન્યુ સર્વે નંબરો હતા નહી તેવી રેકર્ડ થી વિરુધ્ધની ખોટી હકીકત જણાવે છે. તેમજ રેવન્યુ કાયદા મુજબ જે જમીન હોય તેનો અમુક ભાગનું વેચાણ થાય તો તે સંજોગોમાં તેના પૈકી નંબરો પડે છે અને વેચાણ થતા ભાગને નંબર ૨ અપાય છે તે મુજબ દલીલ ખાતર માની લઈએ કે પ્રતિવાદીના વડીલે આખી જમીનનું વેચાણ કરેલ નહી પરંતુ અમુક ભાગ આપેલ હશે અને બાકીની જમીનો અન્યો વેચાણ કરનારે આપેલ હશે જેથી જ જેતે સમયથી પ્રતિવાદીના વડીલ અને તે બાદ રામજીભાઈ પુનાભાઈનું નામ રેકર્ડ પર આવેલ છે. જેથી આખી જમીન વેચાણ અપાયેલ હોય તેવી હકીકત ખોટી છે. પરંતુ વાદીને પોતાની જમીન કયાં આવેલ છે તેની જાત માહીતી ના હોઈ પ્રતિવાદીના વડીલના નામના આધારે અને પ્રતિવાદીના વાસો હોઈ પ્રતિવાદીના ખાતે ચાલતી ચરાડવાના ધાવાની જમીન પડાવી લેવા માટે આવી ખોટી રજુઆત કરી અને તેમના મર્હુમ વડીલની જમીન પ્રતિવાદીની જમીન પાસે હોઈ તેનો ગેરલાભ લઈ ખોટી

રજુઆત તથા હકીકતો રજુ કરી ખોટા કારણો બતાવી પ્રતિવાદી સામે કરેલ દાવો રદ પાત્ર છે. વાદીનો પ્રથમ રીતે જ દાવો સમય બહારનો હોઈ એન અંતિમ હેતુસરની દાદ મનાઈ અરજીથી મેળવવા માંગતા હોઈ તેમજ સાચી હકીકત છુપાવેલ હોઈ અને ખોટી રજુઆત કરેલ હોઈ તેમજ પક્ષકારોનો પણ બાધ આવતો હોઈ વાદીનો દાવો પ્રથમ દર્શનીય નથી તેમજ વાદીએ સક્ષમ કોર્ટ સમક્ષ જવાના બદલે તેમજ પોતાની જમીન શોધવી ના પડે તે હેતુથી દાવો કેરલ હોઈ તેઓનું અગવડ સગવડનું પલ્લુ તેમની તરફેણમાં નથી અને જે કારણે તેઓને કોઈ જ નુકશન થાય તેમ નથી. જેથી વાદીનો દાવો ખર્ચસહિત રદ કરવા અને પ્રતિવાદીને દાવાનું ખર્ચ તથા સ્પેશીયલ ખર્ચ અપાવવા અરજ ગુજારેલ છે.

(૩) આ કામે વાદીએ દાવાની હકીકત પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવા :–**

| ક્રમ નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| (૧) | રામજીભાઈ જેરામભાઈ પટેલનું સરતપાસનું સોગંદનામું | ૨૩ |
| (૨) | રામજીભાઈ મોરારાભાઈ પટેલનું સરતપાસનું સોગંદનામું | ૩૧ |

**દસ્તાવેજી પુરાવા :–**

| ક્રમ નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| (૧) | વાદીના દાદા સંઘાભાઈ રવજીભાઈએ ખરીદ કેરલ દાવાવાળી જમીનના રજી.દ.અુનક્રમ નં.૩૬પની નકલ | ૩/૧ |
| (૨) | નોંધ નં. ૧૪૬ ની નકલ તા. ૨૧/૨/૧૪ | ૩/૨ |
| (૩) | નોંધ નં.૩૧૩૯ ની નકલ તા.૨૧/૨/૧૪ | ૩/૩ |
| (૪) | નોંધ નં.પ૮૪૦ ની નકલ તા.૭/૩/૦૮ | ૩/૪ |
| (૫) | નોંધ નં. ૬૧પ૨ ની નકલ તા.૧૭/૨/૦૯ | ૩/૫ |
| (૬) | નોંધ નં. ૬૬૭૩ ની નકલ તા. ૨૯/૧૧/૧૦ | ૩/૬ |

| | | |
|---|---|---|
| (૭) | દાવાવાળી જમીનના ૭/૧૨ ની નકલ તા.૧/૧૦/૧૪ | ૩/૭ |
| (૮) | દાવાવાળી જમીનના ૮–અ ની નકલ તા.૧/૧૦/૧૪ | ૩/૮ |
| (૯) | પટેલ સંઘજીભાઈ રવજીભાઈએના વીજ બીલની નકલ | ૩/૯ |
| (૧૦) | કેશવજીભાઈ સંઘજીભાઈ એન મંજુલાબેન | ૩/૧૦ |
| (૧૧) | વાદીએ ભરેલ વીજ બીલની નકલ તા.૪/૮/૧૪ | ૩/૧૧ |
| (૧૨) | વાદીએ ભરેલ વીજ બીલની નકલ તા.૨૨/૭/૧૪ | ૩/૧૨ |
| (૧૩) | વાદીએ ભરેલ વીજ બીલની નકલ તા.૨૫/૩/૧૪ | ૩/૧૩ |
| (૧૪) | વાદીએ ભરેલ વીજ બીલની નકલ તા.૨૨/૫/૧૪ | ૩/૧૪ |
| (૧૫) | સીમતળના નકશાનની નકલ | ૩/૧૫ |
| (૧૬) | સ્થાનિક જગ્યાનો વાદીએ બનાવેલ નકશો તા.૪/૧૦/૧૪ | ૩/૧૬ |
| (૧૭) | ખાતા નં. ૨૭૩નું ૮–અ | ૩૫ |
| (૧૮) | સર્વે નં.૪૯૬/૪નું ૭/૧૨ | ૩૬ |

| | | |
|---|---|---|
| (૧૯) | સર્વે નં.૪૯૫ નું ૭/૧૨ | ૩૭ |
| (૨૦) | સર્વે નં.૪૯૪/૪ નું ૭/૧૨ | ૩૮ |
| (૨૧) | દી.કેસ નં. ૯૭/૧૬ના દાવા અરજીની નકલ | ૪૩ |
| (૨૨) | દાવા જવાબ | ૪૪ |
| (૨૩) | દાવાનું દસ્તાવેજી પુરાવા લીસ્ટ | ૪૫ |

(૪) આ કામે પ્રતિવાદીએ દાવાની હકીકત પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવા :–**

| ક્રમ નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| (૧) | રામજીભાઈ પુનાભાઈ દલવાડીનું સરતપાસતનું સોગંદનામું | ૫૬ |

**દસ્તાવેજી પુરાવા :–**

| ક્રમ નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| (૧) | સુસવાવ ગામ નમુના નં. ૬ નોંધ નં. ૧૪૬ | ૫૧ |
| (૨) | સુસવાવ ગામ નમુના નં. ૬ નોંધ નં. ૫૮૪૦ | ૫૨ |
| (૩) | સુસવાવ ગામ નમુના નં. ૬ નોંધ નં. ૬૬૭૩ | ૫૩ |
| (૪) | સુસવાવ ગામ રે.સ.નં.૪૯૬/૧ ગામ નમુના નં.૭ ની નકલ | ૫૪ |
| (૫) | સુસવાવ ગામ રે.સ.નં.૪૯૬/૧ ગામ નમુના નં.૧૨ ની નકલ | ૫૫ |

(૫) આ કામે દાવાના નિર્ણય માટે તા. ૧૫/૧૨/૨૦૧૫ ના રોજ આંક–૧૯થી નીચે મુજબના મુદ્દાઓ નિર્ણય માટે ઉપસ્થિત થયેલ છે :–

**–:મુદ્દા:–**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, દાવા અરજીનાં પેરા-(૬)(એ)માં જણાવેલ માપ અને વર્ણનવાળી મિલકત વાદીના દાદા સંઘાભાઈ રવજીભાઈ એ તા.૧૪/૫/૬૩ના રોજ રજી. દસ્તાવેજ થી ખરીદ કરેલ છે અને ત્યારબાદ સદર જમીનને ભચુ ભાગમાં વહેંચણી કરતાં વાદીના પિતા જેરામભાઈના ભાગમાં આવેલ છ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, દાવા અરજીનાં પેરા-(૬)(એ)માં જણાવેલ માપ અને વર્ણનવાળી તથા સર્વે નંબર અને નામવાળી મિલકતમાં કાયદેસર રીતે કબજા ભોગવટામાં છે?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીએ રેવન્યુ રેકર્ડમાં નોંધ નં.૩૧૩૯, ૫૮૪૦ એન ૬૬૭૩ ખોટી રીતે પડાવેલ હોવાથી સદર નોંધો નલ એન્ડ વોઈડ છે ?

(૪) શું વાદી પુરવાર કરે છે કે, રજી. દસ્તાવેજ નં.૩૬૫ થી ખરીદ કરેલ તે જમીન જે તે સમયે સુસવાવના ધાવાથી ઓળખાતી હતી

અને હાલમાં સદર જમીન ચરાડવાનાં ધાવાથી રેવન્યુ રેકર્ડમાં ઓળખાય છે ?

(૫) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદીના દાવાને નોન–જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીઝનો બાધ નડે છે ?

(૬) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે ?

(૭) શું વાદીઓ માંગ્યા મુજબની દાદા મેળવવા માટે હકકદાર છે ?

(૮) શું હુકમ અને હુકમનામું ?

(૯) ઉપરોકત મુદ્દાઓ અન્વયેનો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકાર

(૨) નકાર

(૩)નકાર

(૪)નકાર

(૫)હકાર

(૬)નકાર

(૭)નકાર

(૮) આખરી હુકમ મુજબ

(૭) ઉપરોકત નીર્ણયો પરત્વેના મારા કારણો નીચે મુજબ છે.

-:: કા ર ણો ::-

મુદા નંબર ૧,૨ અને ૪

**(૭.૧)** સદર કામે મુદ્દા નં. ૧,૨ તથા ૪ પરસ્પર એકબીજા સાથે સંકડાયેલા હોય જેથી હકીકતોનુ પુર્નરાવર્તન ટાળવામાં આવેલ છે.

**(૭.૨)** આ કામે વાદી દ્વારા પોતના સમર્થનમાં મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે તે અન્વયે જોઈએ તો આંક-૨૩ થી

વાદીએ પોતાનું સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ છે જે આંક–૧ ની દાવાઅરજી લગતની હોય તેનું પુનરાવર્તન ટાળવામાં આવેલ છે જયારે સદર વાદીની ઉલટતપાસ પ્રતિવાદીપક્ષે કરવામાં આવેલ છે તે ધ્યાને લઈએ તો, '' એ વાત ખરી છે કે હું ભણેલો છુ અને મને લખતા વાંચતા આવળે છે. એ વાત ખરી છે કે આ કામે રજુ કરેલ કાગળો વાંચેલા છે અને હુ માહીતગાર છું. એ વાત ખરી છે કે આ કામે રજુ ર.દસ્તાવેજ નંબર ૩૬૫ માં લેનાર તરીકે સંઘાભાઈ રવજીભાઈનું જ નામ છે. એ વાત ખરી છે કે સદર દસ્તાવેજમાં વેંચાણ આપનાર તરીકે નાનજી પુના, મોહન મગન, જેમુ વાલા, દલુ માનસંગ, ટપુ ડુંગર, નરશીભાઈ ઘાંચીના નામો છે. એ વાત ખરી છે કે હું સંઘાભાઈના સીધી લીટીનાં વારસદાર નથી. એ વાત ખરી છે કે પેઢીઆંબો સોગંદનામુ કરીને તલાટી પાસેથી મેળવી શકાય. એ વાતની મને ખબર નથી કે મેં આવો કોઈ પેઢીઆંબો તલાટી પાસે મેળવીને આ કામે રજુ રાખેલ છે કે કેમ. રવજીભાઈ જસમતભાઈ પટેલ મારા દાદા થાય છે. એ વાત

ખરી છે કે મારા દાદાનું નામ ધનજીભાઈ નથી. સાહેદ જણાવે છે કે મારા પિતાશ્રીનાં મોટા ભાઈનું નામ ધનજીભાઈ છે જેને હું દાદા કહુ છું. એ વાત ખરી નથી કે આ કામે રજુ કરેલ પેઢીનામું રજુ કરેલ છે તે ખોટુ છે. એ વાત ખરી છે કે રવજીભાઈ જશમતભાઈને કોઈ દીકરી ન હતી. મારે પણ કોઈ બહેનો નથી. એ વાત ખરી છે કે આ કામે પક્ષકાર તરીકે રવજીભાઈ જસમતભાઈના તમામ વારસોને જોડેલ નથી. એ વાતની મને ખબર નથી કે મર્હુમ રવજીભાઈ પટેલની ખરીદ કરેલી મીલ્કતોનો વહીવટ ધનજીભાઈ કરતા હતા તે અંગેનો કોઈ પુરાવો આ કામે રજુ છે કે કેમ. એ વાતની મને ખબર છે કે રેવન્યુ કચેરીમાં મીલ્કતને લગતી કામગીરી થાય છે. એ વાત ખરી છે કે ખેતીની જમીનનું રેકર્ડ મામલતદાર કચેરી તરફથી મળી આવે તેની મને જાણ છે. એ વાતની મને ખબર નથી કે આ કામે રેવન્યુ રાહે કરેલ તકરાર અંગેનો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ છે કે કેમ. એ વાત ખરી નથી કે રેવન્યુ રાહે એ માટે કાર્યવાહી કરેલ નહી કે તેમાં નીષ્ફળ જઈશું. એ વાત ખરી છે કે

રજી.દસ્તાવેજ નં. ૩૬૫ સને ૧૯૬૩ માં થયેલ છે. એ વાત ખરી છે કે રજી.દ.નંબર ૩૬૫ માં સર્વે નંબર દર્શાવેલ નથી. એ વાતની મને ખબર નથી કે આજુબાજુની જમીનો એક જ નામથી ઓળખાતી હોય છે. એ વાત ખરી છે કે સુસવાવનો ધાવો અને ચરાડવાનો ધાવો ની જગ્યા અલગ અલગ કહેવાય. સાહેદ જણાવે છે કે પહેલા સુસવાવનો ધાવો કહેવાતો હતો અને હવે ચરાડવાનો ધાવો કહેવાય છે. મેં આ કામે રેવન્યુ નોંધ નંબર ૧૪૬ જોયેલ નથી. આ દાવાની તકરારવાળી જમીનનો સર્વે નંબર ૪૯૬/પૈકી ૧ છે. સાહેદ જણાવે છે કે પહેલા નંબર આપેલ ન હતો. એ વાત ખરી છે કે આ ૪૯૬ વાળી જમીન લાલજીભાઈ પુનાભાઈએ લીધી હશે. એ વાત ખરી છે કે હું નોંધ નંબર ૧૪૬ જોઈને કહુ છું કે આ વાદવાળી જમીન પુનાભાઈ નાનજીભાઈએ વેંચાણે લીધેલી. એ વાત ખરી છે કે ત્યારબાદ પુનાભાઈ નાનજીભાઈએ વેંચાણ લીધેલ છે અને તેનો સર્વે નંબર ૬૭૩ છે. એ વાત ખરી છે કે આ બંને નોંધો તા.૩/૧૨/૫૯ નાં રોજની નોંધ છે અને તે નોંધો

તા.૧૯/૨/૬૦ નાં રોજ પ્રમાણીત થયેલી છે. એ વાત ખરી નથી કે હું જણાવું છું કે દસ્તાવેજ સમયે તકરારી જમીનનો સર્વે નંબર સને ૧૯૬૩ માં હતો નહી. એ વાત ખરી છે કે પુનાભાઈ નાનજીભાઈના વારસોએ તકરારી જમીન અન્વયે વારસાઈ નોંધ પડાવેલ છે અને હકક જતો કરવાની નોંધ પણ પડાવેલ છે. સાહેદ જણાવે છે કે તે નોંધ ખોટી રીતે પડાવેલ છે. એ વાત ખરી છે કે પુનાભાઈના વારસ રામજીભાઈના નામે આ તકરારી જમીનનું રેવન્યુ રેકર્ડ બોલે છે. એ વાત ખરી છે કે પહેલા સુસવાવનો ધાવો અને હવે ચરાડવાનો ધાવો બંને અલગ અલગ છે તેના કોઈ આધાર પુરાવા આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી નથી કે આ તકરારી જમીન પહેલેથી જ ચરાડવાના ધાવા તરીકે ઓળખાય છે. એ વાતની મને ખબર નથી કે તકરારી જમીન બાબતે પડેલ નોંધો સામે રેવન્યુ ઓથોરીટીમાં કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ. સંઘાભાઈને ૩ દીકરા અને ૪ દીકરીઓ છે. એ વાત ખરી છે કે સંઘાભાઈના વારસદારોને આ કામે પક્ષકારો બનાવેલ નથી. એ

વાતની મને ખબર નથી કે સંઘાભાઈના વારસો વચ્ચે ઘરમેળે વહેંચણી થયેલ હોય તેનો આધાર પુરાવો આ કામે રજુ રાખેલ છે કે કેમ. એ વાત ખરી છે કે ખેતીની જમીન ખાતો હોય તો તેના દર વર્ષે વેરા વીઘોટી ભરવા પડે છે. એ વાત ખરી છે કે વેરા વીઘોટી ભરીએ તો તેની પહોંચ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે વીઘોટીની પહોંચમાં ખાતેદારનું નામ હોય છે. એ વાત ખરી છે કે મેં આ કામે વેરા વીઘોટી ભર્યા અંગેની પહોંચ રજુ કરેલ નથી.

એ વાત ખરી છે કે અમે ખેતી કરતા હોય ખેતીના કામે ખેતરમાં વીજ કનેકશન તથા અન્ય સરકારી કામોની અમને ખબર છે. એ વાત ખરી છે કે વીજ કનેકશન જેના નામે ખેતીની જમીન હોય તેના નામે આપવામાં આવે છે. એ વાત ખરી છે કે કોઈપણ વીજકનેશકન એક ખેતરમાંથી બદલી બીજા ખેતરમાં બદલાવાનું હોય તો બીજા ખેતરના માલીકના નામે તે વીજ કનેકશન ખાતે થાય. એ વાત ખરી નથી કે વીજકનેકશન તકરારી જમીનમાં ટ્રાન્સફર કરેલ હોય તે હકીકત હું ખોટી જણાવુ છું. એ વાત ખરી

નથી કે તકરારી જમીનનો કબજો અમારો નથી કે અમારા કુંટુંબનો નથી. એ વાત ખરી નથી કે ઘરમેળે વહેંચણી કરવામાં આવે તો તેનું લખાણ કરવામાં આવે છે. એ વાત ખરી નથી કે અમારા કુંટુંબ વચ્ચે ઘરમેળે વહેંચણી થયાની હકીકત ખોટી બતાવુ છું. એ વાત ખરી નથી કે તકરારી જમીનનો કબજો અમોનો હોય તેનો કોઈ આધાર પુરાવો આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી નથી કે મેં તકરારી જમીનમાં બોર,કુવો, વીજ કનેકશન અને પાઈપલાઈન નાખેલ નથી. એ વાતની મને ખબર નથી કે દસ્તાવેજ નંબર ૩૬૫ માં કોણે કયા સર્વે નંબરની અને કયા ભાગની જમીનનું વેચાણ કરેલ છે તે દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે કોઈ જમીનનું વેચાણ થાય તો તેનો પૈકી નંબર પડે. એ વાતની મને ખબર નથી કે દસ્તાવેજ નંબર ૩૬૫ માં જે જમીનનું વેચાણ દર્શાવેલ છે તે જમીન સુસવાવના ધાવા તરીકે દર્શાવેલ છે. એ વાત ખરી નથી કે અમોને દસ્તાવેજ મુજબની સુસવાવના ધાવા તરીકેની જમીન મળતી ન હોય અમોએ હાલ ચરાડવાના ધાવા તરીકે ઓળખાય છે

તેમ જણાવી પ્રતિવાદી સામે હાલનો આ ખોટો દાવો કરી ખોટી હકીકત અને ખોટો પુરાવો રજુ કરી હાલનો દાવો કરેલ છે. એ વાત ખરી નથી કે પ્રતિવાદીની જમીન પડાવી લેવા માટે હાલનો ખોટો દાવો દાખલ કરેલ છે અને ખોટી જુબાની આપુ છું.” આમ, તે મુજબની ઉલટતપાસ પ્રતિવાદીપક્ષે વાદીની કરવામાં આવેલ છે.

(૭.૩) વધુમાં, વાદી સાક્ષી રામજીભાઈ મોરારભાઈ પટેલનું આંક–૩૧ થી સરતપાસ સોગંદનામું રજુ રાખેલ છે જે આંક–૧ ની દાવાઅરજી લગતની હોય તેનું પુનરાવર્તન ટાળવામાં આવેલ છે જયારે સદર વાદીની ઉલટતપાસ પ્રતિવાદીપક્ષે કરવામાં આવેલ છે તે ધ્યાને લઈએ તો, ''હું હળવદ તાલુકાના ઈશ્વરનગર ગામે રહુ છું. એ વાત ખરી છે કે મેં આ કેસના કાગળો જોયેલા તથા વાંચેલા છે. એ વાત ખરી છે કે મારા પિતાનું નામ મોરારભાઈ ડોસાભાઈ છે. એ વાત ખરી છે કે રવજીભાઈ જસમતભાઈ પટેલના પેઢ ીઆંબામાં મોરારભાઈ ડોસાભાઈનું નામ કયાંય આવતુ નથી. એ વાત ખરી છે કે એક જ ઘાવાના ખેતરો હોય તો તે એક જ નામે

ઓળખાય. એ વાત ખરી નથી કે આ કામના વાદી અમારા ગામના અને જ્ઞાતિના હોય તેઓ સાથે સારા સંબંધો છે. સાહેદ જણાવે છે કે અમો શેઢા પાડોશી છીએ. એ વાત ખરી નથી કે મારા તથા વાદી વચ્ચે સારા સંબંધો ન હોય રવજીભાઈ જસમતભાઈની મીલ્કતો તથા તેમના વારસો વીશે હું જાણુ નહી. એ વાત ખરી છે કે મારું સોગંદનામું મેં વાંચેલું. એ વાત ખરી નથી કે મારી જમીનનો સર્વે નંબર ૨૭૩ છે. આ કામના વાદી રામજીભાઈ જેરામભાઈના નામે કયા સર્વે નંબર છે તેની મને જાણ નથી. એ વાત ખરી નથી કે અમો શેઢા પાડોશી નથી. એ વાત ખરી નથી કે મારા સોગંદનામામાં જણાવેલ હકીકત હું જાણતો ન હોવા છતા વાદીને મદદ કરવા સોગંદ ઉપર ખોટું સોગંદનામુ કરી ખોટી જુબાની આપુ છું. ” આમ, તે મુજબની ઉલટતપાસ પ્રતિવાદીપક્ષે વાદી સાક્ષીની કરવામાં આવેલ છે.

આ કામે પ્રતિવાદી ધ્વારા પોતાના સમર્થનમાં મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે તે અન્વયે જોઈએ તો

આંક–૫૬ થી પ્રતિવાદીએ પોતાનું સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ છે. જે આંક–૧૬થી રજુ દાવા જવાબ તથા વચગાળાની કામ ચલાઉ મનાઈ હુકમના વાંધા જવાબ લગતનું હોય તેનું પુનરાવર્તન ટાળવામાં આવેલ છે જયારે સદર પ્રતિવાદીની ઉલટતપાસ વાદીપક્ષે કરવામાં આવેલ છે તે ધ્યાને લઈએ તો, ''એ વાત ખરી છે કે, આ દાવામાં રજુ થયેલ તમામ કાગળ મેં વાચેલ છે. એ વાતની મને ખબર નથી કે, દાવાવાળી જમીન અંગે જે સ્ટે આપેલ છે તેમાં અપીલ કરેલ છે કે કેમ. સુસવાવ ગામથી દાવાવાળી જમીન આશરે પાંચ–છ કી.મી. થાય છે.

એ વાત ખરી છે કે, મેં દાવાવાળી જમીનનો વાદીના દાદા રવજીભાઈ જસમતભાઈ પટેલે તા. ૧૪/૫/૬૩ નાં રોજ કરેલ રજીસ્ટર દસ્તાવેજ નંબર ૩૬૫ વાંચેલો નથી. એ વાત ખરી છે કે, રજીસ્ટર દસ્તાવેજ નંબર ૩૬૫ રદ કરવા માટે કોઈ દાવો કરેલો નથી. વાદવાળી જમીન કુલ ચારથી પાંચ જણાના નામે હાલતી હતી. એ વાત ખરી છે કે, વાદવાળી જગ્યાનું કોર્ટ મારફત પંચનામું

કરવામાં આવેલું. મને માર્ક ૧૦/૧ તથા ૧૦/૨ વાળું પંચનામું બતાવવામાં આવે છે. જે જોઈને કહુ છું કે તે કોર્ટ કમીશ્નરશ્રીએ મારી હાજરીમાં કરેલ છે અને માર્ક ૧૦/૧ માં મારી સહી છે. જેને રજુ દાખલ આંક ૫૭ આપવામાં આવે છે. માર્ક ૧૦/૨ ને રજુ દાખલ આંક ૫૮ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે, કોર્ટ કમીશ્નરશ્રીના પંચનામા બાબતે અમોએ આજદીન સુધી કોઈ વાંધો લીધેલ નથી.

એ વાત ખરી નથી કે, આ જમીન પીયત જમીન નથી. એ વાત ખરી છે કે, આ જમીનમાં પાણીનો ટાંકો તથા કુંડી આવેલ છે. એ વાત ખરી છે કે, આ જમીનમાં કોઈ વીજ કનેકશન મારા નામે આવેલ નથી. એ વાત ખરી છે કે, કોર્ટ કમીશ્નર દ્રારા પંચનામું થયું તે સમયે કપાસનું વાવેતર કરેલ હતું. આ જમીન કોના કોના મુળ ખાતે ચાલતી હતી તેના નામ મને ખબર નથી. એ વાત ખરી નથી કે, આ જમીનમાં વાદી વીજ કનેકશનનો ઉપયોગ કરે છે. સાહેદ જણાવે છે કે ૧૨ વીઘામાં વીજ કનેકશન નથી. દાવાવાળી

જમીનમાં વીજ કનેકશન વાદીએ લીધેલ છે કે કેમ તેની મને ખબર નથી.

મારા પિતાશ્રીનું નામ પુનાભાઈ છે. મારા પિતાશ્રી સને ૧૯૯૯ ની સાલમાં એટલે કે આશરે ૨૦ વર્ષ પહેલા ગુજરી ગયેલા. આ ૨૦ વર્ષ દરમ્યાન વારસાઈ એન્ટ્રી અંગે મેં કોઈ કાર્યવાહી કરેલ નહી. એ વાત ખરી છે કે, સને ૨૦૦૮ ની સાલમાં વારસાઈ નોંધ નંબર ૫૮૪૦ અમોએ આ જમીન અંગે પડાવેલી. એ વાત ખરી છે કે, રજીસ્ટર દસ્તાવેજ નંબર ૩૬૫ કુલ બે સર્વે નંબર વાળી જમીનનો છે, જેમાં એક ૨૮ વીઘાનો છે અને એક ૧૨ વીઘાનો છે. એ વાત ખરી છે કે, જે તે વખતે દાવાવાળી જમીન ખેતરના નામથી અને વીઘાથી ઓળખાતી હતી. એ વાત ખરી છે કે, દસ્તાવેજમાં બંને ખેતરની ચર્તુદીશા અલગ અલગ લખેલી છે. એ વાતની મને ખબર નથી કે, આ દાવાવાળી જમીનમાંથી મુળ દસ્તાવેજના અન્ય ચાર માલીકોએ તેમના ભાગ જતા કરેલ છે કે કેમ. હાલનો દાવો બાર વીઘાવાળી જમીનનો છે. એ વાત ખરી છે કે, વારસાઈ નોધં જે મે

પડાવેલ છે તેમાં મારી માતા,બેન અને ભાઈઓ સિવાય બીજા કોઈના નામ દાખલ કરેલ નથી. બાર વીઘા વાળી જમીનની પૂર્વ દીશાએ રસ્તો આવેલ છે, પશ્વિમ અને ઉત્તર તરફ ૪૯૬ પૈકી વાળો ભાગ , દક્ષીણ બાજુ રસ્તો આવેલો છે. ૨૮ વીઘા વાળી જમીનની પૂર્વ બાજુ ૪૯૬ ની બાર વીઘા જમીન આવેલી છે, દક્ષીણ બાજુ રસ્તો આવે છે અને પશ્વિમ અને ઉત્તર દીશાએ શું આવેલ છે તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે , ૧૨ વઘા જમીન છે તેમાં વાદીના દાદા સંઘાણી રવજીભાઈના નામનુ વીજ કનેકશન આવેલ છે અને તેની વપરાશ પણ તે જ કરે છે. એ વાત ખરી છે કે, ૨૮ વીઘા તથા ૧૨ વીઘાવાળી કોઈ જમીનમાં અમારા નામે કોઈ વીજકનેકશન આવેલ નથી. એ વાત ખરી છે કે, ૨૮ વીઘા તથા ૧૨ વીઘાવાળી જમીનમાં અમોએ કોઈ વીજ બીલ ભરેલ નથી. એ વાત ખરી નથી કે, દાવાવાળી જમીન વાદીના ભાગમાં આવેલી છે અને ૧૨ વીઘા જમીન તેના દાદા રણછોડભાઈ રવજીભાઈના ભાગમાં આવેલ છે. એ વાતની મને

ખબર નથી કે, દાવાવાળી જમીનની ૨૮ વીઘા જમીનની માલીકી તથા કબજો વાદીનો છે. એ વાત ખરી નથી કે, ૧૨ વીઘા જમીનનો કબજો ભોગવટો અને માલીકી રજીસ્ટર દસ્તાવેજના આધારે શૈલેશભાઈ રણછોડભાઈનો છે. એ વાત ખરી નથી કે, જે તે કારણોસર એન્ટ્રી ન પડેલ જેથી મેં સને ૨૦૦૮ ની સાલમાં નોંધ નંબર ૫૮૪૦ ખોટી પડાવેલ. મેં વારસાઈ નોધ પડાવી તે પહેલા વાદવાળી જમીન પુનાભાઈ નાનજીભાઈ ના નામે ચાલતી હતી. એ વાત ખરી નથી કે, આ ૧૨ વીઘા તથા ૨૮ વીઘા જમીન સાથે મારે કાંઈ લેવા દેવા નથી. મેં વારસાઈ નોંધ પડાવી તેનો સર્વે નંબર ૪૯૬ પૈકી ૧ છે. દલવાડી મેરુભાઈ ગંગારામભાઈને હું ઓળખતો નથી. એ વાતની મને ખબર નથી કે, સર્વે નંબર ૪૯૬ પૈકી ૧ વાળી જમીનનો કબજો મેળવવા માટે મેરુભાઈ ગંગારામભાઈ દલવાડીએ હળવદ કોર્ટમાં વાદીના કાકાના દીકરા ભાઈ શૈલેશભાઈ રણછોડભાઈ પટેલ સામે દીવાની કેસ નંબર ૯૭/૨૦૧૬ દાખલ કરેલ છે. હું ૭ ધોરણ ભણેલ છુ અને

સુસવાવ ગામનો સરપંચ હતો. એ વાતની મને ખબર નથી કે, ૧૨ વીઘા વાળી જમીન અંગે નામદાર નીચેની કોર્ટે શું હુકમ કરેલ છે. એ વાત ખરી છે કે, આ કામે રજુ કરેલ જવાબમાં મેં વાંચીને સહી કરેલ છે. એ વાત ખરી નથી કે, દાવાવાળી ૨૮ વીઘા અને ૧૨ વીઘાવાળી જમીન મારા પિતા દલવાડી પુનાભાઈ નાનજીભાઈના એકલા ના નામે ચાલતી ન હતી. સાહેદ જણાવે છે કે, ૧૨ વીઘાવાળી જમીન મારા પિતાના એક ના નામે ચાલતી હતી. હું સને ૨૦૧૨ માં સરપંચ હતો. હું ખેતમજુરી કરતો હતો જેથી વારસાઈ એન્ટ્રી મોડી પડાવેલી. એ વાતની મને ખબર નથી કે, હાલનો દાવો ૨૮ વીઘાવાળી જમીનનો છે. એ વાત ખરી છે કે, આંક ૧૬ વાળા જવાબમાં દાવાવાળી જમીનની ચર્તુદીશા બતાવેલી નથી. એ વાત ખરી નથી કે,મેં જમીનની ચર્તુદીશા એટલા માટે જણાવેલ નથી કેમ કે મારે આ જમીન સાથે કાંઈ લેવા દેવા નથી. એ વાત ખરી છે કે, દાવાવાળી જમીનમાં પાણીના ટાંકા અને હોજ આવેલા છે. એ વાત ખરી છે કે, આ કોઈ પાણીના

ટાંકા કે હોજ મેં બનાવેલ નથી. એ વાત ખરી છે કે, આ જમીનમાં કોઈ પાઈપલાઈન મેં નાખેલ નથી.મારા આંક ૧૬ ના પેરેગ્રાફ ૧૧ માં દર્શાવેલ હકીકત સાચી નથી. આંક ૧૬ના પેરેગ્રાફ નંબર ૧૫ માં અમારા વડવા પુનાભાઈ નાનજીભાઈ મારા પિતા થાય તે સિવાય અન્ય કોઈને હું ઓળખતો નથી. એ વાત ખરી નથી કે, દાવાવાળી ૨૮ વીઘા જમીન અને ૧૨ વીઘા જમીન સાથે અમારે કાંઈ લેવા દેવા નથી. સાહેદ જણાવે છે કે, ૧૨ વીઘા જમીન સાથે મારે લેવા દેવા છે. એ વાત ખરી નથી કે, જે તે સમયે નોંધ પડેલ ન હતી અને ખોટી વારસાઈ એન્ટ્રી પડાવી રેવન્યુ રેકર્ડનો દુરઉપયોગ કરેલ છે. એ વાત ખરી છે કે, દીવાની દાવા નંબર ૯૭/૨૦૧૬ દલવાડી મેરુભાઈએ કરેલ છે તેની મને જાત માહીતી નથી. એ વાત ખરી નથી કે, સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું. ” આમ, તે મુજબની ઉલટતપાસ વાદીપક્ષે પ્રતિવાદીની કરવામાં આવેલ છે

આમ, વાદીપક્ષે મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે જયારે દસ્તાવેજી પુરાવા લીસ્ટ મુજબ દસ્તાવેજો રજુ રાખવામાં આવેલ છે. જે ઘ્યાને લીધેલ છે ત્યારબાદ આંક–૩૦ થી વાદીપક્ષે તા.૦૯/૦૫/૨૦૧૯ ના રોજ પોતાનો પુરાવો પુરો થયાની પુરશીસ આપેલ છે જે રેકોર્ડેડ કરવામાં આવેલ છે. તેવી જ રીતે પ્રતિવાદીપક્ષે આંક–૩૫ થી દસ્તાવેજી પુરાવા રજુ કરવા પરવાનગી માંગવામાં આવેલ છે. જે મંજુર રાખવામાં આવેલ છે જયારે દસ્તાવેજી પુરાવા લીસ્ટ મુજબ રજુ રાખવામાં આવેલ છે.જે ઘ્યાને લીધેલ છે ત્યારબાદ આંક–૪૯થી પ્રતિવાદીપક્ષે તા.૩/૧૦/૨૦૧૯ના રોજ પોતાનો પુરાવો પુરો થયાની પુરશીસ આપેલ છે જે રેકોર્ડેડ કરવામાં આવેલ છે.

(૮) આ કામે પ્રતિવાદીપક્ષે લેખિત દલીલ કરવામાં આવેલ છે અને તેઓ જણાવે છે કે, દાવાવાળી જમીનમાં બન્ને પ્રતિવાદીનો લાગ, ભાગ, હકક, હીત, હિસ્સો, સંબંધ છે કારણ વાદી તથા પ્રતિવાદી નં.૧ સગાભાઈ છે તથા પ્રતિવાદી નં.૨ પણ ભાઈ છે

આ તમામ બાબતનો અમો ઈન્કાર કરીએ છીએ. તેમજ વાદીનું માત્ર રેવન્યુ રેકર્ડમાં નામ ચાલે છે પરંતુ સ્થળ પર કબજામાં વાદી નથી કારણ આ વડીલોપાર્જીત મિલકત હોય એકલા વાદી મિલકતના માલીક થઈ શકતા નથી તેમજ અમો અને વાદી ભાઈ થતા હોય અમારા સામે મનાઈ હુકમ મળી શકે નહી અને દવાો રદ થાય છે. આ ઉપરાંત નોંધ નં.૫૪૭ ખોટી છે તથા ગેરકાયદેસર નાખી મંજુર કરવામાં આવી છે જે ગમે ત્યારે રદ થાય તેમ છે તેમ છતાં માત્ર ગા.ન.નં. ૮-અ તથા ૭/૧૨માં નામ હોવાથી વાદી પાસે ટાઈટલ છે તેમ માની શકાય નહી અહઈ નોંધ નં. ૫૪૭ છે જે માત્ર ફીસકલ પર્પસ ની માનવી પડે જેનાથી વાદીને કોઈ દાવાવાળી જમીન અંગે રાઈટ, ટાઈટલ, કે ઈન્ટેસ્ટ પ્રાપ્ત થતા નથી. આ ઉપરાંત ખરેખર ૧૯૯૭ થી જો વાદી માલીક હોય તો અમારે તેને ૨૦૧૮માં ધમકી આપવાનો પ્રશ્ન નથી અને જો આવી હકીકત હોય તો વાદીએ આજ સુધી કયારેય અમારા સામે કોઈ એફ.આઈ.આર. નોંધાવેલ નથી. તેમજ દાવાની ચર્તુ:દીશા

વાદીએ પુરવાર કરવી પડે અહી એ પુરાવાનો વિષય છે જેનો પ્રતિવાદી આ તકે ઈન્કાર કરે છે. અહીં ૧૯૯૭ થી નોંધ ૫૪૭ મંજુર થઈ છે પંરતુ જો હકીકતે ૧૯૯૭ થી વાદી કબજામાં હોય તો હાલ ૨૦૧૮માં અમારે વાદી સાથે કબજા સંબંધી તકરાર કરવાનો પ્રશ્ન નથી. આથી વાદી કબજામાં નથી પરંતુ અમોના કબજામાં છે. અહી હાલ માત્ર રેવન્યુ રેકર્ડમાં નામ ચાલે છે જેનો ગરેલાભ લોવ આ દાવો થાય છે તથા દાવાવાળી ખેતીની જમીનની કિંમત ઉચકાયેલ હોય અમારા પાસે આ જમીનનો કબજો હોય આ દાવો થાય છે આથી અહી લખેલી તમામ હકીકતનો પ્રતિવાદી ઈન્કાર કરે છે. તમેજ વાદી જણાવે છે તે નોંધ નં ૫૪૭ મંજુર થઈ છે તે ઓન રેકર્ડ છે પરંતુ તે ગેરકાયદેસરની હોય ગમે ત્યારે આ નોંધ ૫૪૭ ચેલેન્જ કરવાનો પ્રતિવાદીનો હકક છે અને આ નોંધ ૫૪૭ કાયદા વિરુધ્ધની હોય તે રદ થઈ શકે છે કારણ કોઈ પણ રેવન્યુ નોંધ માત્ર અનુમોદીત સ્વરૂપની હોય છે જે ગમે ત્યારે રદ થાય છે અને તે નોંધથી માલીકી સાબિત થતી આથી આ કામના વાદીને

માંગ્યા મુજબનો કોઈ મનાઈ હકુમ મળી શકે નહી. તેમજ આ કામના વાદીને અમારા સામે આ દાવો લાવવાનું કોઈ કોઝ ઓફ એકસન નથી. કારણ કે વાદી જો સાચા હોય તો ૧૯૯૭ પછી આજે ૨૦૧૮ એટલે કે ૨૧ વર્ષ પછી આ દાવો લાવવાનું કોઈ જ કારણ નથી. હકીકતે પ્રતિવાદીએ ધમકી આપવાની હોત તો તે ૧૯૯૭માં આપી શકતા હતા પરંતુ ૨૧ વર્ષમાં પ્રતિવાદીએ વાદીને ધમકી આપેલ નથી અને હવે અચાનક ધમકી આપવાનો પ્રશ્ન નથી અથવા જો ખરેખર ધમકી આપેલ હોય તો વાદીએ અમારા સામે એફ.આઈ.આર. કરવી જોઈએ તેવું પણ બનેલ નથી. આમ, જયારે વાદી પાસે દાવો લાવવાનું કોઈ કારણ નથી ત્યારે અમોએ કઈ તારીખે અને કેવી રીતે ધમકી આપી તે પણ વાદી બતાવતા ન હોય આ દાવાને સી.પી.સી. ઓર્ડર–ર, રુલ–ર નો બાદ નડતો હોય દાવો જ રદ થાય છે ત્યારે કોઈ દાદ વચગાળાની પણ વાદીને મળે નહી. તેમજ વાદી તર્ફે કોઈ પ્રાઈમફેસી કેસ નથી કે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ નથી કે ઈરીપેરીરેબલ લોસ નથી આવી

ત્રણમાંથી એક પણ પાસા વાદી તર્ફે નથી આથી કોઈ મનાઈ હુકમ મળી શકે નહી. સદરહુ દાવાવાળી જમીન સ.નં. ૫૧/૨ જોવમાં આવે તો તે મુળ દલવાડી નાનજી શંકરની હતી જે નોંધ નં. ૧૭૪, તા. ૮/૧૧/૬૮ થી ચાલતી હતી. આ દલવાડી નાનજી શંકર એટલે કે વાદીના પિતા થાય અને પ્રતિવાદી નં.૧ના પણ પિતા થાય અને પ્રતિવાદી નં.૨ ના દાદા થાય છે.આથી સ્વ. દલવાડી નાનજી શંકર તેની હયાતીમાં બન્ને પ્રતિવાદીની સંમતિ વિના એકલા વાદીને આપી શકે નહી અહી નોંધ ૫૪૭ છે તે વહેંચણ નોંધ છે પંરતુ વેચાણ નોંધ નથી. આથી આવી કહેવાતી, ગેરકાયદેસરની નોંધ ૫૪૭ શરૂથી જ વોઈડ છે કારણ વડીલોપાર્જીત મિલકત તરીકે પ્રતિવાદી નં.૨ને મળવી જોઈએ જે મળતી નથી અને પિતાની મિલકત સરખા ભાગે બધા વારસોને મળવી જોઈએ તે પ્રતિવાદી નં. ૧ ને મળી નથી. તેમજ સ.નં. ૫૧/૧ દાવો ભાગ છે તે જોવામાં આવે તો તે ભાગ વાદીએ અમારા સ્વ. પિતા પાસેથી અઘાટ વેચાણના રજી.દ.નં. ૫૯૮

તા.૩૧/૩/૦૫ થી ખરીદી લીધી છે. હકીકત આ રજી. સેલ ડીડ નં. ૫૯૮ થઈ શકે નહી કે વેચાણ નોંધ પડી શકે નહી તેમ છતાં આખો સ.નં.૫૧ હડપ કરવી જવા આ રીતે અલગ અલગ પધ્ધતિ અપનાવી વાદી રેકર્ડ ઉપર આવે છે આથી પણ વાદીને મળવાપાત્ર દાદ મળી શકે નહી. તેમજ સંન. ૫૧/૧ કે વેચાણ થાય છે અને તેની વેચાણ નોંધ નં.૭૩૮ નાખવામાં આવી છેઅને બીજો ભાગ સં.નં.૫૨/૨ માત્ર વહેંચણથી નોંધ ૫૪૭ થી મંજુર થાય છે આ હકીકત ધ્યાને લેવા અરજ ગુજારેલ છે.તેમજ વાદી સ્થળ/સ્થિતિનું પંચનામું માંગતા નથી કારણ વાદી કબજામાં નથી જો પંચનામું થાય તો સાચી હકીકત રેકર્ડ ઉપર આવે આથી પંચનામું માંગવામાં આવેલ ન હોય વાદીનો દાવો ખર્ચ સહીત ના-મંજુર(રદ) કરવા તેમજ દાવાનું ખર્ચ વાદી પાસેથી અપાવવા અરજ ગુજારેલ છે.

(૯) આ કામે વાદીપક્ષે લેખિત દલીલ કરવામાં આવેલ છે અને તેઓ જણાવે છે કે, આ કામે પ્રતિવાદી તરફ થી રજુ કરવામાં આવે

આંક–૧૩ના જવાબની હકીકતો જોઈએ તો પણ પ્રતિવાદને ખુદ ને પોતાના પિતાશ્રી હયાત છે કે નહી તે ખ્યાલ જણાતો નથી તે જણાઈ આવે છે. આંક–૧૩ના જવાબના પેરા ૬માં જણાવીને પ્રતિવાદી કહે છે કે વાદીના પિતા તથા પ્રતિવાદી નં.૧ ના પિતા અને નં.૨ના દાદા સ્વ. દલવાડી નાનજીભાઈ શંકર તેમની હયાતીમાં બન્ને પ્રતિવાદીની સંમતિ વગર એકલા વાદીને ખેતર આપી શકે નહી તેવું જણાવીને નાનજી શંકર મરણ ગયેલ હોય એવું જણાવી રહેલ છે. વળી જવાબ પેરા ૬–બીમાં પણ પ્રતિવાદી જણાવે છે કે સ.નં.૫૧/૧ રજી.દ.નં. ૫૯૮ તા.૩૧/૩/૦૫ થી સ્વ.પિતા પાસેથી અઘાટ વચોણ કરી લીધેલાનું જણાવે છે. આમ, જયાં પ્રતિવાદીને પોતાના પિતા હયાત છે કે નહી તેની લેશમાત્ર ખ્યાલ નથી ત્યાં ખેતરના કબજા અંગે તેઓને શું ખબર હોઈ શકે ખરેખર આ કામના વાદીના પિતા તથા પ્રતિવાદી નં.૧ના પિતા નાનજી શંકર દલવાડી હાલ હયાત છે અને મરણ ગયેલ નથી. પ્રતિવાદી નં.૧ના ખોટી હકીકત તેમના સ્વાર્થ ખાતર

તેમના જવાબમાં જણાવી રહેલ છે અને તેવા સંજોગોમાં પણ વાદીના દાવાને મંજુર કરી આપવા નમ્ર અરજ છે. તેમજ આ કામે વાદીની જુબાની આંક–૨૨ થી નામ. કોર્ટમાં રજુ રાખેલ છે અને વાદીએ દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો માલીકી પોતાને એકલાની જ હોવાની હકીકત પુરવાર કરેલ છે એન ઉલટતપાસમાં પણ પ્રતિવાદી એવી હકીકત સાબિત કરી શકેલ નથી કે વાદીનો કબજો માલીકી દાવા વાળા ખેતર અંગે નથી. આમ વાદીનો કબજો દાવાવાળી જમીન પરત્વે હોય તેમજ આ કામે રેવન્યુ રેકર્ડ રજુ કેરલ છે. તે પણ દાવાવાળી ખેતર સ.નં. ૫૧/૨માં વાદી પોતે એકલા જ ખેતી કરી તેમ જ પાણીપત્રક પણ વાદી જમીન ખેડતા હોય તેમના નામનું થાય છે. નહી કે પ્રતિવાદીના નામનું તેનાથી વિશેષ વાદીએ કરેલ દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદી ખેડતા હોય અને ઉપજ લેતા હોય તેવો એક પણ લેખિત આધાર કે મૌખિક પુરાવો નામ. કોર્ટમાં રજુ કરેલ નથી કે કોઈ તટસ્થ શેઢા પાડોશીના સોગંદનામા કે પુરાવા

રજુ કરેલ નથી. તે જ બતાવે છે કે વાદીના કબજા ભોગવટા વાળી દાવાવાળી જમીનના પ્રતિવાદી કબજેદાર નથી તેવા સંજોગોમાં પણ વાદીનો દાવો મંજુર કરવો જોઈએ. પ્રતિવાદી નં.૧ના તર્ફે રજુ કરેલ પુરાવો જોતા પણ તેઓ જાતે દાવાવાળી જમીનના કબજેદાર હોય કે ખેતી કરી ઉપજ લેતાં હોય તેવું દર્શાવતો કોઈ જ લેખિત આધાર નામ.કોર્ટમાં રજુ રાખેલ નથી. તેનાથી વિશેષ નોંધ નં. ૫૪૭ જે વાદીના લાભમાં મંજુર થયેલ છે તે ગેરકાયદેસરની હોવાની વાત પ્રતિવાદી કરી રહેલ છે. પરંતુ તે અંગેની કોઈ જ રેવન્યુ અપીલ કરી હુકમ મેળવેલ હોય તેવું દર્શાવતો આધાર રજુ કરેલ નથી. તેવી જ રીતે સ.નં.૫૧/૧ અંગે વાદીએ દ.નં. ૫૯૮ થી ૩૧/૩/૨૦૦૫ ના અઘાટ વેચાણ રાખી જમીન ખરીદ કરેલ તે દસ્તાવેજના આધારે વેચાણ નોંધ નં.૭૩૮ ખોટી પાડી આખો સ.નં.૫૧ હડપ કરવા તજવીજ કરેલ હોવાની હકીકત માત્ર અને માત્ર તેમના સ્વાર્થ ખાત નામ. કોર્ટની સહાનુભૂતી મેળવવા જણાવી રહેલ છે. આમ, આ કામે રજુ કરેલ તમામ પુરાવા ધ્યાને

લઈ વાદીએ જે ખેતર અંગે દાદ માંગેલ છે તે દાદા મળવા પાત્ર હોઈ તેમજ વાદી તેમનો કેશ પુરવાર કરાવામાં સફળ રહેલ હોય વાદીનો દાવો મંજુર કરવા નામ. કોર્ટને અરજ ગુજારેલ છે.

(૧૦) આ કામે મુદા નંબર ૧,૨ અને ૪ પરસ્પર એકબીજા સાથે સંકળાવેલ હોય સરળતા ખાતર તેઓની ચર્ચા એકસાથે કરવામાં આવે છે. આ કામે વાદી દાવો લઈ એવી હકીકત સાથે આવેલા છે કે, વાદીના દાદા સંઘાભાઈએ તા. ૧૪/૫/૧૯૬૩ નાં રોજ રજીસ્ટર દસ્તાવેજ અનુક્રમ નંબર ૩૬૫ થી બે ખેતરો ખરીદેલા હતા જે સુસવાવના ધાવા તરીકે ઓળખાતા હતા અને હાલમાં ચરાડવાના ધાવા તરીકે ઓળખાય છે તે ૨૮ વિઘાની જમીનનું હાલમાં નવા માપ મુજબ રેવન્યુ રેકર્ડમાં ક્ષેત્રફળ હે.૨-૦૮-૪૨ ચો.મી. ચાલે છે. જેમાંથી એક ખેતર ૨૮ વીઘા અને એક ખેતર ૧૨ વીઘાનું છે. અને આ ખેતરો તેમના વડવાઓએ ખરીદ કર્યા બાદ રવજીભાઈ જસમતભાઈ પટેલ નાઓએ તેમના છ દીકરાઓ વચ્ચે આશરે પાંચેક વર્ષ પહેલા ઘરમેળે વહેંચણી કરેલી અને આ ૨૮

વીઘા વાળું ચરાડવાના ઘાવા વાળું ખેતર વાદીના પિતા જેરામભાઈ રવજીભાઈના ભાગે આવેલ અને ત્યારબાદ વાદીના ભાઈઓ વચ્ચે સદર ખેતરનું મૌખીક ઘરમેળે વહેંચણી થતા આ ખેતર વાદીના ભાગમાં આવેલું. આ કામે વાદીએ આંક–૨૩ થી તેમની સોગંદ પરની સરતપાસ રજુ કરેલ છે અને જેની પ્રતિવાદી તર્ફે ઉલટતપાસ કરવામાં આવતા વાદીએ એ વાત કબુલ રાખેલ છે કે, તેઓ સંઘાભાઈના સીધી લીટીના વારસદાર નથી અને દસ્તાવેજ નંબર ૩૬૫ માં લેનાર તરીકે સંઘાભાઈ રવજીભાઈનું નામ આવે છે તથા રજીસ્ટર દસ્તાવેજ નંબર ૩૬૫ માં સર્વે નંબર દર્શાવેલ નથી.

૧૦.૧ આ કામે વાદીએ તેમના પુરાવાના સમર્થનમાં આંક–૩૧ થી સાહેદ રામજીભાઈ મોરારભાઈને તપાસેલા છે અને તેમની સરતપાસમાં તેઓ જણાવે છે કે, તેઓ વાદીને ઓળખે છે અને વાદીનો જમીનનો વહીવટ તેમના દાદા કરતા હતા અને આ જમીન તેઓએ રજીસ્ટર દસ્તાવેજથી ખરીદ કરેલ અને હાલમાં આ

જમીનનું નામ ચરાડવાનો ધાવા તરીકે ઓળખાય છે અને પહેલા તે સુસવાવના ધાવા તરીકે ઓળખાતી હતી અને હાલમાં આ જમીનનો સર્વે નંબર ૪૯૬/પૈકી ૧ ચાલે છે અને હાલમાં આ જમીનમાં વાદીઓએ વીજ કનેકશન પણ લીધેલ છે અને તેનો ઉપયોગ પણ કરે છે. પ્રતિવાદી તર્ફે સાહેદની ઉલટતપાસ કરવામાં આવતા તેઓ એ વાત કબુલ રાખે છે કે, તેઓ રવજીભાઈ જશમતભાઈના પેઢીનામામાં આવતા નથી તથા રામજીભાઈની જમીનના નામે કયા સર્વે નંબર છે તેની તેમને જાણ નથી.

૧૦.૨ આ કામે પ્રતિવાદી આંક-૫૬ થી સરતપાસ રજુ કરેલ છે અને જેમાં તેઓએ વાદીએ તથા સાહેદે તેમના સરતપાસમાં જણાવેલી હકીકતોને નકારે છે અને વધુમાં જણાવે છે કે, રેવન્યુ સર્વે નંબર ૪૯૬/પૈકી ૧ વાળી જમીનનો વેચાણ દસ્તાવેજ થયેલ નથી અને આ જમીનમાં નોંધ નંબર ૧૪૬ પ્રતિવાદીના વડવાના નામે પડેલી અને તે સને ૧૯૫૯ માં પ્રમાણીત થયેલી છે અને તેમાં સર્વે નંબર પણ જણાવેલો છે અને તેમાં વીજ કનેકશન અને

પાઈપલાઈન હોવાની હકીકતને નકારેલ છે અને કબજો પણ તેમનો હોવાનું જણાવેલ છે. વાદીના વિ.વ.શ્રી દ્રારા તેમની ઉલટતપાસ કરવામાં આવતા તેઓ કબુલ રાખે છે કે, દસ્તાવેજ નંબર ૩૬૫ રદ કરાવવા તેઓએ કોઈ દાવો કરેલ નથી તથા આ જમીનમાં પાણીનો ટાંકો અને કુંડી આવેલ છે અને તેમાં વીજ કનેકશન તેમના નામે નથી તથા દલવાડી મેરૂભાઈ ગંગારામભાઈને તેઓ ઓળખતા નથી.

૧૦.૩ વધુમાં, આ કામે પ્રતિવાદી તર્ફે પી.જી.વી.સી.એલ. ના જવાબદાર અધીકારીને તપાસેલા છે અને તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, વીજ કનેકશન લેવા કે ટ્રાન્સફર કરાવવા માટેના નીયમો હોય છે અને તે માટે તે જગ્યાની માલીકીના પુરાવા અને ઓળખના પુરાવા જોતા હોય છે.

૧૦.૪ આ કામે ઉપરોકત મુદા સંદર્ભે પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો આ કામે વાદી તેમની દાવા અરજી અને સરતપાસમાં દાવાવાળી

જમીન તેમના દાદાએ તારીખ ૧૪/૫/૧૯૬૩ નાં રોજ ખરીદ કરેલ હોવાનું જણાવે છે. જે સંદર્ભે તેમના વડીલ દ્રારા કરવામાં આવેલ રજીસ્ટર દસ્તાવેજ રજુ કરેલ છે પરંતૂ આ દસ્તાવેજ સંઘાભાઈ રવજીભાઈનાઓએ તેમની તરફેણમાં ખરીદ કરેલ હોવાનું જણાઈ આવે છે તથા મીલ્કતમાં સુસવાવના ધાવાનો ઉલ્લેખ કરેલાનું જણાઈ આવે છે. આમ, વાદી દ્રારા તેમની દાવા અરજી અને સરતપાસમાં દાવાવાળી જમીન એટલે કે હાલમાં જે ચરાડવાના ધાવા તરીકે ઓળખાય છે અને તેનો સર્વે નંબર ૪૯૬/પૈકી ૧ છે તે તેમના વડીલે ખરીદ કરેલ હોય તેવું દસ્તાવેજ પરથી જણાઈ આવતું નથી. વધુમાં, વાદી તર્ફે એવી દલીલ કરવામાં આવેલી છે કે, જે તે સમયે જમીનોમાં સર્વે નંબરો હતા નહી જેથી દસ્તાવેજમાં સર્વે નંબરનો ઉલ્લેખ કરેલ નથી. વધુમાં, તેઓ તેમની દાવા અરજી તથા સરતપાસમાં એવું પણ જણાવે છે કે, દાવાવાળી જમીન પ્રતિવાદીના પિતાએ તારીખ ૧૮/૫/૧૯૫૯ નાં રોજ રજીસ્ટર દસ્તાવેજથી ખરીદ કરેલ અને

તે અંગેની નોંધ તા. ૧૯/૨/૧૯૬૦ નાં રોજ પ્રમાણીત થયેલ છે. આ હકીકતના સંદર્ભમાં વાદી તર્ફે આંક–૫૧ થી નોંધ નંબર ૧૪૬ વાળા ગામ નમુના નંબર ૬ હકકપત્રકની ખરી નકલ રજુ કરેલ છે અને તેમાં સર્વે નંબર ૪૯૬/પૈકી ૧ જણાઈ આવે છે. આમ, જયારે ૧૯૬૦ માં રેવન્યુ રેકર્ડમાં સર્વે નંબરનો ઉલ્લેખ થયો હોય અને ૧૯૬૩ માં વાદીના પિતાએ જમીન ખરીદી તે વખતે સર્વે નંબર હતા નહી તેવી વાદીની દલીલ ટકવાપાત્ર નથી. વધુમાં, આ કામે વાદી તર્ફે આંક–૩૫ થી આંક–૩૮ સુધી ખાતા નંબર ૨૭૩ નાં ગામ નમુના નંબર ૮–અ, સર્વે નંબર ૪૯૬/પૈકી ૪ વાળી જમીનના ગામ નમુના નંબર ૭ અને ૧૨ રજુ કરેલ છે. આ જમીનોમાં કબજેદાર તરીકે રામજીભાઈ મોરારભાઈનું નામ જણાઈ આવે છે. આ પુરાવાઓ વાદીએ શું હેતુંથી રજુ કરેલા છે તે અંગે કોઈ પુરાવો આપેલ નથી કે ખુલાશો કરી શકેલા નથી. વધુમાં, વાદી તર્ફે આંક–૪૩ થી રે.દિ.મું. નંબર ૯૭/૨૦૧૬ ની દાવા અરજીની ખરી નકલ, આંક–૪૪ થી રે.દિ.મું. નંબર ૯૭/૨૦૧૬

ના પ્રતિવાદીનો જવાબ તથા આંક–૪૫ થી સદર દાવામાં પ્રતિવાદી તર્ફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાના લીસ્ટની ખરી નકલ રજુ કરેલ છે. આ પુરાવા વાદીએ શું હેતુથી રજુ કરેલા છે તે અંગે કોઈ પુરાવો આપેલ નથી કે ખુલાશો કરી શકેલા નથી. વધુમાં, આંક–૪૪ થી રજુ દાવા અરજીની દાદ ધ્યાને લઈઓ તો તેમાં વાદી મેરૂભાઈ ગંગારામભાઈ દલવાડીના કુલ મુખત્યારનાઓએ સર્વે નંબર ૪૯૪/પૈકી ૨ વાળી જમીન સંદર્ભે મનાઈ હુકમની માંગણી કરેલ છે. આમ, રે.દિ.મું. નંબર ૯૭/૨૦૧૬ ના દાવાનો સર્વે નંબર તથા હાલના દાવાનો સર્વે નંબર અલગ જણાઈ આવે છે. જેથી આ પુરાવાઓની કોઈ રીલેવન્સી જણાઈ આવતી નથી. વધુમાં, આ કામે પ્રતિવાદી તર્ફે આંક–૫૨ અને આંક–૫૩ થી દાવા વાળી જમીનનું ગામ નમુના નંબર ૬ નું હકકપત્રક તથા આંક–૫૪ તથા આંક–૫૫ થી દાવા વાળી જમીનનો ગામ નમુના નંબર ૭ અને ૧૨ નો ઉતારો રજુ કરેલો છે તેમાં પણ વાદીનું નામ જણાઈ આવતુ નથી.

૧૦.૫ વધુમાં, આ કામે વાદી તેમની દાવા અરજી તથા સરતપાસમાં તેમનો કબજો હોવાનો તથા દાવાવાળી જમીન તેઓ વાવતા હોવાનું જણાવે છે પરંતૂ વાદી તર્ફે જમીનની વેરા–વીઘોટીની પાવતી કે અન્ય કોઈ પુરાવો તેમના કથનના સમર્થનમાં આ કામે તેઓએ રજુ કરેલ નથી.

૧૦.૬ આ કામે વાદી દાવાવાળી જમીન અંગે કોર્ટ કમિશ્નરશ્રી દ્રારા રજુ કરવામાં આવેલ રીપોર્ટને આધારે તેમનો કબજો હોવાનું જણાવે છે. જે સ્થળ સ્થિતીનું પંચનામું આ કામે આંક–૫૭ થી રજુ થયેલ છે અને તેમાં કોર્ટ કમિશ્નરશ્રીએ તેમાં રામજીભાઈ જેરામભાઈના પાંચ મજુરો કામ કરી રહયા હોવાનું જણાવેલ છે. આમ, ઉપરોકત પંચનામું ઘ્યાને લઈએ તો કોર્ટ કમિશ્નર આવી હકીકત કોઈ પ્રકારની ખરાઈ કર્યા વગર પંચનામામાં જણાવી શકે નહી તથા કોર્ટ કમિશન સ્થળ–સ્થિતીની પરીસ્થીતી જોવા માટે હોય છે અને કોર્ટ કમિશ્નર તેમાં જમીન અંગેના કબજા અંગેની વિગત

જણાવી શકે નહી અને જો કોર્ટ કમિશ્નરશ્રીએ તેમાં કબજા અંગેની હકીકત જણાવેલી હોય તો પણ તે ધ્યાને લઈ શકાય નહી.

૧૦.૭ આ કામે વાદી દ્રારા વધુમાં, તેમની દાવા અરજી અને સરતપાસમાં એવું કથન કરેલ છે કે, દાવાવાળી જમીનની ભાયુભાગે વહેંચણી થતા સદર જમીન તેમના પિતા જેરામભાઈના ભાગમાં આવેલ છે. આ કથનના સમર્થનમાં વાદીએ કોઈ પ્રકારનો લેખીત પુરાવો રજુ કરેલ નથી અને વહેંચણી મૌખીક થઈ હોય તેવું જણાવે છે પરંતૂ આ મૌખીક વહેંચણી વીષે પણ વાદીએ કોઈ પુરાવો રજુ કરેલ નથી તથા મૌખીક વહેંચણી થયા બાદ જમીનોમાં વહેંચણી પ્રમાણેના નામ લખાવાની કે નોંધ પડાવાની રેવન્યુ ઓથોરીટી સમક્ષ કોઈ કાર્યવાહી કરી હોય તેવું વાદીએ રેકર્ડ પર પુરાવાથી સાબિત કરેલ નથી.

૧૦.૮ આ કામે વાદી તેમની દાવા અરજી અને પુરાવામાં એવું કથન લઈ આવેલા છે કે, દાવા વાળી જમીન પહેલા સુસવાવના ધાવા

તરીકે ઓળખાતી હતી અને હાલમાં ચરાડવાના ધાવા તરીકે ઓળખાય છે. આ સંદર્ભે દાવાવાળી જમીનના આંક–૫૪ અને આંક–૫૫ થી ગામ નમુના નંબર ૭ અને ૧૨ ના ઉતારા રજુ થયા છે તેમાં સર્વે નંબર ૪૯૬/પૈકી૧ વાળી જમીનનું નામ ચરાડવાના ધાવાનું તરીકે જણાઈ આવે છે પરંતૂ વાદીએ તેમની દાવા અરજી તથા પુરાવામાં દાવાવાળી જમીન પહેલા સુસવાવના ધાવાથી ઓળખાતું હતુ તે અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી કે દાવાવાળી જમીન પહેલા સુસવાવના ધાવા તરીકે ઓળખાતી હતી અને હાલમાં ચરાડવાના ધાવા તરીકે ઓળખાય છે તે અંગેનો પણ કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી.

૧૦.૯ આ કામે રજુ પુરાવાઓ ધ્યાને લઈએ તો વાદી દાવો લઈ આવ્યા હોય ત્યારે તેમના કથનો પુરવાર કરવાની જવાબદારી વાદીના શીરે રહે છે. આ સંદર્ભે ભારતીય પુરાવા અધીનીયમની કલમ ૧૧૦ ધ્યાને લેતા...

110. Burden of proof as to ownership.— When the question is whether any person is owner of anything of which he is shown to be in possession, the burden of proving that he is not the owner is on the person who affirms that he is not the owner.....

આમ, ઉપરોકત કલમ ધ્યાને લેતા પુરાવાનો બોજો જે વ્યકતી કોર્ટ સમક્ષ જે વ્યકતી આવે છે તે વ્યકતીના શીરે રહે છે. આમ, દાવાવાળી જમીન વાદીના દાદા સંઘાભાઈ રવજીભાઈનાઓએ તા. ૧૪/૫/૧૯૬૩ નાં રોજ રજીસ્ટર દસ્તાવેજથી ખરીદ કરેલ હોય અને ભાઈઓ ભાગે વહેંચણી થતા સદર જમીન વાદીના પિતા જેરામભાઈના ભાગે આવેલ હોય તેવું તથા દાવાવાળી જમીનના વાદી કાયદેસરના કબજા ભોગવટામાં હોય તથા રજીસ્ટર દસ્તાવેજ નંબર ૩૬૫ થી ખરીદ કરેલ જમીન પહેલા સુસવાવના ધાવા તરીકે ઓળખાતી હોય અને હાલમાં દાવાવાળી જમીન ચરાડવાના ધાવા તરીકે ઓળખાતી હોય તેવું

માનવાલાયક પુરાવાથી સાબિત કરી શકેલ ન હોય મુદા નંબર ૧,૨ અને ૪ નો જવાબ 'નકાર'માં આપવામાં આવે છે.

૧૧. મુદા નંબર ૩

૧૧.૧ આ કામે મુદા નંબર ૩ તરીકે શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીએ રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર ૩૧૩૯, ૫૮૪૦ અને ૬૬૭૩ ખોટી રીતે પડાવેલ હોય નલ અને વોઈડ છે ? તે મુજબનો ઘડવામાં આવેલ છે. આ મુદા સંદર્ભે ધી ગુજરાત લેન્ડ રેવન્યુ કોડ ધ્યાને લઈએ તો રેવન્યુ રેકર્ડમાં કોઈ નોંધ પડી હોય અને તે ખોટી હોય તો તેને પડકારવા માટે યોગ્ય ઓથોરીટીને અધીકાર આપવામાં આવેલ છે અને રેવન્યુ રેકર્ડમાં પડેલી નોંધોને ધી સિવિલ પ્રોસીઝર કોડની કલમ ૯ ધ્યાને લેતા

9.Courts to try all civil suits unless barred—

The Courts shall (subject to the provisions herein contained) have jurisdiction to try all suits of a civil

nature excepting suits of which their cognizance is either expressly or impliedly barred.

[6] [Explanation I].—A suit in which the right to property or to an office is contested is a suit of a civil nature, notwithstanding that such right may depend entirely on the decision of questions as to religious rites or ceremonies.

[7] [Explanation II]. For the purposes of this section, it is immaterial whether or not any fees are attached to the office referred to in Explanation I or whether or not such office is attached to a particular place.]. ……..

આમ, ઉપરોકત કલમ ધ્યાને લેતા જયારે રેવન્યુ કોડમાં તે મુજબના પાવર આપેલા હોય તે સંજોગોમાં સિવિલ કોર્ટમાં પડકારી શકાય નહી. તે જોતા મુદા નંબર ૩ નો જવાબ 'નકાર'માં આપવામાં આવે છે.

૧૨. મુદા નંબર ૫ થી ૮

૧૨.૧ આ કામે મુદા નંબર ૫ તરીકે શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદીના દાવાને નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીનો બાધ નડે છે ? આ મુદા સંદર્ભે વાદી તથા પ્રતિવાદીના પુરાવા ધ્યાને લઈએ તો તેમાં વાદીએ તેમની દાવાઅરજી તથા સરતપાસમાં એવી હકીકત જણાવેલી છે કે, વાદીના દાદા સંઘાભાઈએ તા. ૧૪/૫/૧૯૬૩ નાં રોજ રજીસ્ટર દસ્તાવેજ અનુક્રમ નંબર ૩૬૫ થી બે ખેતરો ખરીદેલા હતા જે સુસવાવના ધાવા તરીકે ઓળખાતા હતા અને હાલમાં ચરાડવાના ધાવા તરીકે ઓળખાય છે તે ૨૮ વિઘાની જમીનનું હાલમાં નવા માપ મુજબ રેવન્યુ રેકર્ડમાં ક્ષેત્રફળ હે.૨–૦૮–૪૨ ચો.મી. ચાલે છે. જેમાંથી એક ખેતર ૨૮ વીઘા અને એક ખેતર ૧૨ વીઘાનું છે અને આ ખેતરો તેમના વડવાઓએ ખરીદ કરેલા અને ત્યારબાદ ભાઈઓ ભાગની વહેંચણીમાં તેમના નામે આવેલા. આ કામે વાદીએ દાવાવાળી જમીનના ભાઈઓ ભાગે વહેંચણી થયેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. વધુમાં,વાદી તેમના પુરાવામાં દાવાવાળી જમીન તેમના

વડીલ સંઘાભાઈએ ખરીદ કરેલ હોવાનું જણાવે છે. જેથી વાદીએ તેમની દાવા અરજીમાં જે પેઢીઆંબો બનાવેલ છે તે ધ્યાને લઈએ તો સંઘાભાઈ વાદીના પિતાના ભાઈ હોવાનું જણાઈ આવે છે અને આ પેઢી આંબામાં સાંઘાભાઈના કોઈ વારસ હોય તેવું જણાવેલ નથી પરંતૂ પ્રતિવાદીના વિ.વ.શ્રી દ્રારા વાદીની ઉલટતપાસ કરવામાં આવતા વાદીએ એ વાત કબુલ રાખેલ છે કે, તેઓ સંઘાભાઈના સીધીલીટીના વારસ નથી તથા સંઘાભાઈને ત્રણ દિકરા અને ૪ દિકરીઓ છે. આમ, જયારે દાવાવાળી જમીન સંઘાભાઈએ ખરીદ કરેલ હોય અને તેમના વારસોને પણ વાદીએ તેમની દાવા અરજીમાં જોડેલા નથી કે દાવા અરજીમાં જણાવેલ પેઢી આંબામાં પણ જણાવેલ નથી તથા દાવા વાળી જમીનમાં હાલ વાદીનું નામ પણ ચાલતું નથી અને વાદી દાવાવાળી જમીન ૧૯૬૩ માં સંઘાભાઈએ ખરીદ કરેલ હોવાનું કહી હાલનો દાવો લાવેલ છે તેવા સંજોગોમાં સંઘાભાઈના વારસદારો દાવામાં

મહત્વના પક્ષકારો બની રહે છે. આ સંદર્ભે ધી સિવિલ પ્રોસીઝર કોડના ઓર્ડર ૧ રૂલ  ૯ ધ્યાને લેતા .....

ORDER I-  PARTIES OF SUITS Misjoinder and nonjoinder—

No suit shall be defeated by reason of the misjoinder or nonjoinder of parties, and the Court may in every suit deal with the matter in controversy so far as regards the rights and interests of the parties actually before it: ……

૧૨.૨ આમ, ધી સિવિલ પ્રોસીજર કોડનો ઉપરોકત રૂલ ૧ ધ્યાને લઈએ ત્યારે દાવામાં જરૂરી પક્ષકારને જોડવા મહત્વના બને છે અને વાદીના કથન મુજબ સંઘાભાઈએ દાવાવાળી જમીન રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ હોય અને તેમના વારસો વિના હાલનો દાવો ચાલી શકે નહી તે જોતા વાદીના દાવાને નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીનો બાધ નડતો હોય મુદા નંબર ૫ નો જવાબ 'હકાર'માં આપવામાં આવે છે.

૧૩. વધુમાં, આ કામે મુદા નંબર ૬ તરીકે શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે ? આ મુદા સંબંધે વાદી અને પ્રતિવાદી તર્ફે પુરાવાઓ ધ્યાને લેતા પ્રતિવાદી તર્ફે વાદી કેવી રીતે દાવો સમય મર્યાદાની બહાર લાવેલ છે તે અંગે કોઈ હકીકત જણાવેલ નથી કે તે અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ, દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોય તેવું જણાતું ન હોય મુદા નંબર ૬ નો જવાબ 'નકાર'માં આપવામાં આવે છે.

૧૪. આ કામે વાદી દાવાવાળી જમીન તેમના પિતાને ભાઈઓ ભાગે મળેલી હોય તથા આ જમીનમાં વાદીનો કાયદેસરનો કબજો ભોગવટો હોય તેવું સાબિત કરી શકેલા ન હોય, વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થતા ન હોય મુદા નંબર ૭ નો જવાબ નકારમાં આપી મુદા નંબર ૮ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

૧. વાદીનો દાવો આથી નામંજુર કરવામાં આવે છે.

૨. વાદીના દાવાનો ખર્ચ તેમના પોતાના શીરે તથા પ્રતીવાદીનો દાવાનો ખર્ચ વાદીના રહેશે.

૪. હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

| | |
|---|---|
| તા.૦૮ /૦૪ ૨૦૨૧ | **(આર.એમ.કલોત્રા)** |
| હળવદ. | પ્રિન્સી.સીની.સીવીલ જજ, હળવદ.<br>**(જજ કોડ– જીજે ૦૧૦૩૫)** |